Sandesh

EDII

August 12, 2026
Page No. 02
(City Life)

# કોઈપણ વિચારનો વાસ્તવિક પ્રભાવ ત્યારે જ સર્જાય જ્યારે તે ઇનોવેશન અને વ્યાવસાયિકીકરણ સુધી પહોંચે

## EDII ખાતે ગુજરાતની ચાર પરંપરાગત હસ્તકલાઓને જીઆઈ પ્રમાણપત્ર એનાયત કરાયા

સિટી લાઈફ । એન્ટરપ્રેન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ઈન્ડિયા (EDII), દ્વારા રાષ્ટ્રીય હેન્ડલૂમ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ અવસરે નીતિ નિર્માતાઓ, ઉદ્યોગ નિષ્ણાતો, IP ક્ષેત્રના તજજ્ઞો, નાણાકીય સંસ્થાઓ અને કારીગરો એક મંચ પર એકત્રિત થયા હતા. કાર્યક્રમ દરમિયાન ગુજરાતની ચાર પરંપરાગત હસ્તકલાઓ જસદાન પટારી ક્રાફ્ટ, પાટણ મશરૂ સાડીઓ એન્ડ ફેબ્રિક્સ, બનાસકાંઠા એપ્લિક વર્ક અને સૌરાષ્ટ્ર મોતી ભરતકામ



(બીડ વર્ક)ને ભૌગોલિક સંકેત (GI) પ્રમાણપત્રો એનાયત કરીને સન્માનિત કરવામાં આવી હતી. કાર્યક્રમના પ્રારંભિક સંબોધનમાંEDIIના ડાયરેક્ટર જનરલ ડૉ. સુનીલ શુક્લાએ કહ્યું કે, આપણા સમૃદ્ધ પરંપરાગત જ્ઞાન અને વારસાના સંરક્ષણની યાત્રામાં ભૌગોલિક સંકેત (GI) ટેગિંગ અત્યંત મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. કોઈ પણ વિચારનો વાસ્તવિક પ્રભાવ ત્યારે જ સર્જાય છે, જ્યારે તે ઈનોવેશનમાં પરિવર્તિત થાય અને ઈનોવેશન આગળ વધીને વ્યાવસાયિકીકરણ સુધી પહોંચે, જેથી તે આર્થિક અને સામાજિક કલ્યાણમાં અર્થપૂર્ણ યોગદાન આપી શકે. ચાર પરંપરાગત હસ્તકલાઓને જીઆઈ ટેગિંગ મળવું એ કારીગર-આધારિત વિકાસની સફળતા અને તેની વિશ્વસનીયતાની માન્યતા છે.

### જ્ઞાનના અમૂલ્ય ભંડારનું યોગ્ય સમયે સંવર્ધન જરૂરી છે

સેન્ટર ફોર એન્વાયરમેન્ટ એજ્યુકેશન (CEE)ના સ્થાપક નિયામક કાર્તિકેય સારાભાઈએ ભારતના સાંસ્કૃતિક વારસા અંગે વાત કરતા કહ્યું કે, ભારત અનેક ક્ષેત્રોમાં વર્ષોના અનુભવ અને પરંપરાગત પ્રયોગોથી સમૃદ્ધ બનેલા જ્ઞાનના અમૂલ્ય ભંડારનું ઘર છે. આ જ્ઞાન સાથે જોડાયેલા વિચારો અને પ્રક્રિયાઓનું યોગ્ય સમયે સંવર્ધન અને સંરક્ષણ કરવું અત્યંત જરૂરી છે. GI ટેગિંગ આપણા ઉત્પાદકો અને કારીગરોના સામાજિક તથા આર્થિક કલ્યાણને પ્રોત્સાહન આપવામાં મહત્વપૂર્ણ સાબિત થઈ રહ્યું છે.

### ટેક્નોલોજી દ્વારા પરંપરાગત વારસાનું સંરક્ષણ શક્ય બનશે

CII ગુજરાત ટાસ્કફોર્સના સંયોજક વિનોદ અગ્રવાલે ટેક્નોલોજી અને બૌદ્ધિક સંપદાના મહત્વ પર ભાર મૂકતા કહ્યું કે, EDII ટેક્નોલોજી આધારિત ઉદ્યોગોને પ્રોત્સાહન આપવા અને ઇનોવેશનના સંરક્ષણ માટે બૌદ્ધિક સંપદા (IP) અંગે જાગૃતિ ફેલાવવાનું સતત કાર્ય કરી રહ્યું છે. EDII કારીગરો સાથે નજીકથી કામ કરીને તેમના કૌશલ્યોને વધુ સશક્ત બનાવી રહ્યું છે, જેથી તેઓ ટેક્નોલોજી અને ઉદ્યોગસાહસિક ક્ષમતાઓનો ઉપયોગ કરીને પોતાના પરંપરાગત વારસાનું સંરક્ષણ કરી શકે.